૧

-: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક: DCP/ક્રાઈમ/ જાહેરનામું/૧૭૧/૨૦૨૦
પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,
વડોદરા તા.૨૩ /૯/૨૦૨૦

**હુકમ :-**

તાજેતરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા આતંકવાદીઓ તરફથી ખુન/ ધાડ /લુંટ જેવા ગંભીર પ્રકાર ના સામાજીક વ્યવસ્થા ખોરવી નાખે તેવા ગુના આચરવા માટે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક કતમળ.હફળયકમ બુથથી તથા બનાવટી અને ખોટા દસ્તાવેજો આધારે ખોટા નામે મોબાઈલ સીમકાર્ડ મેળવી ગુનો કરતા પહેલાં કે આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલાં, એકત્ર થવા અને આતંકવાદી કૃત્યને અંજામ આપ્યા બાદ ફરાર થઈ જવા માટે અને ગુનેગારો એક બીજા સાથે સંપર્ક જાળવી રાખવા સંદેશા વ્યવહાર માટે પોતાની પાસે વ્યકિતગત ફોન / મોબાઈલ હોવા છતાં મુખ્યત્વે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO તથા ખોટા નામે મેળવેલ સીમકાર્ડ નો ઉપયોગ કરે છે. લેન્ડ લાઈન તથા મોબાઈલ વ્યકિતગત ધોરણે સુવિધા ધરાવતા હોવા છતાં ગુનો આચરાવા માટે જ કોઈન બોક્ષ ટેલીફોન કે પબ્લીક STD/ PCO/ ISD બુથથી કે ખોટા નામે મેળવેલ મોબાઈલ સીમકાર્ડનો ઉપયોગ કરી ખુન/ અપહરણ/ લુંટ જેવા ગંભીર અપરાધો અને આતંકવાદી કૃત્યો આચરી કાયદાની પહોંચથી દુર રહી ગુનાઓ આચરે રાખે છે અને જાહેર સલામતી અને શાન્તી જોખમાય છે તેમજ જાહેર જનતાના જાનમાલની ખુવારી થાય છે.

વિશેષમાં આજ પ્રકારના કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક કતમળ.હફળયકમ બુથથી તથા ખોટા નામે મોબાઈલ સીમકાર્ડ મેળવી અફવાઓ ફેલાવવા ખોટા કોલ (Hoax Calls) કરી ભીડભાડવાળી જગ્યાઓ જેવીકે રેલ્વે સ્ટેશન / બસ સ્ટેન્ડ/ ધાર્મિક સ્થળો / મોલ તથા મલ્ટીપ્લેક્ષ / જાહેર સરકારી ઓફિસ તથા એકમો / બેન્કો વિગેરે જયાં જાહેર જનતા ની મોટા પ્રમાણમાં અવર જવર થતી હોય તેવી જગ્યાએ બોમ્બ મુકયાની ખોટી માહિતી આપી જાહેર જનતામાં ભય અને અસલામતીની લાગણી ઉભી કરી ઘણીવાર આવા Hoax Call( ને લીધે ભાગદોડ (સ્ટેમ્પેડ) થવાની અને મોટી જાન હાની થવાની શકયતા નકારી શકાતી નથી. આ ઉપરાંત આવા કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક કતમળ.હફળયકમ બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઈલ સીમકાર્ડ દ્વારા કોલર ફોન કરનાર વ્યકિત (કોલર)ની ઓળખ છુપાવી શકાતી હોય સમાજના સ્ત્રી, પુરૂષ તથા યુવતીઓને પણ અરૂચીકર કોલ કરી ત્રાસ આપી કાયદાની પહોચથી દુર રહેવામાં સફળ થાય છે. આવા કિસ્સાઓમાં મુખ્યત્વે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથ થી તથા ખોટા નામે મેળવેલ મોબાઈલ સીમકાર્ડ કોલરની ઓળખ માટે કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે આવા ગુના બનતા હોવાનું જણાય આવેલ છે. આવા Hoax Calls ની તપાસ કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા ખોટા નામે મેળવેલ મોબાઈલ સીમકાર્ડ સુધી જઈને અટકી જતી હોય છે અને ગુનેગારો આવા કૃત્યો નિરંતર ચાલુ રાખી લોકોમાં ભય અને અસલામતીની ભાવના પેદા કરે છે.

જેથી આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપનાર ઈસમો અને અસામાજીક તત્વો તરફથી માનવ જીંદગીની ખુવારી, જાહેર માલમિલ્કતને મોટુ નુકશાન અને નિર્દોષ નાગરિકોને ત્રાસરૂપ વર્તણુંક અટકાવવા તકેદારીના પગલાં રૂપે કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથથી તથા મોબાઈલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઈલ વિક્રેતા ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, આર.બી.બ્રહમભટ્ટ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ કોઈન બોક્ષ ટેલીફોન ધારક, પબ્લીક STD/PCO/ISD બુથ ના માલિક અને મોબાઈલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઈલ વિક્રેતાઓએ નીચે મુજબની વ્યવસ્થા કર્યા વિના તે વ્યવસાય કરી શકશે નહી.

(૧) કોઈન બોક્ષ ટેલીફોન તેમજ પબ્લીક STD/PCO/ISD બુથ ધરાવનારનાઓએ કોલ કરનાર વ્યકિતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં કોલ કરનાર વ્યકિતનું પુરૂ નામ, સરનામું અને તેનો મોબાઈલ નંબર રજીસ્ટરમાં લખવો તથા કોલ કરનાર વ્યકિતએ કયા નંબર ઉપર કોલ કરેલ છે તેની સ્પષ્ટ નોધ રાખવાની રહેશે. આ નોંધના રજીસ્ટરો ૧ (એક) વર્ષ સુધી સાચવી રાખવાના રહેશે.

(૨) કોઈ પણ જાતના એકટીવેટેડ (પુર્વ કાર્યરત) સીમકાર્ડનું વેચાણ કરવામાં આવશે નહી.

(૩) મોબાઈલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઈલ વિક્રેતાનાઓએ કોઈ પણ વ્યકિતને સીમકાર્ડ વેચાણ કરતા પહેલાં તેના ઓળખ માટે ઓળખકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ચુટણીકાર્ડ, આધાર કાર્ડ, પાસપોર્ટ વિગેરે રજુ કરેલ પુરાવાની ચકાસણી કર્યા પછી જ અને ગ્રાહકની ઉપરોકત દસ્તાવેજોથી ઓળખ કર્યા પછી જ સિમકાર્ડ એકટીવેટ કરવામાં આવશે.

(પાછળ)

(૪) મોબાઈલ સીમ ડીસ્ટ્રીબ્યુટરો/ રીટેઈલ વિક્રેતાનાઓએ જયારે ગુજરાત રાજય બહારના નામ સરનામા ઉપર સીમકાર્ડ મેળવવા પુરાવાઓ રજુ કરે તો તેનો સીમકાર્ડ એકટીવેટ કરતા અગાઉ એક સ્થાનિક વ્યકિતનો એટલે કે વડોદરા શહેરની વ્યકિતની ઓળખ ફરજીયાત લેવી.

(૫) જે કોઈ વ્યકિત કે સંસ્થા એકથી વધુ સંખ્યામાં (વધારે જથ્થામાં) સીમકાર્ડ ખરીદવા માટે આવનાર વ્યકિત કે દરખાસ્ત કરનાર વ્યકિતની સંપુર્ણ વિગત રોજે રોજ લાગતા વળગતા સ્થાનિક પોલીસ સ્ટેશનએ મોકલી આપ્યા બાદ તે સીમકાર્ડ/સીમકાર્ડસ નું એકટીવેશન કરી શકાશે.

**– : અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :–**

આ હુકમનો અમલ તા.૨૬/૯/૨૦૨૦નાં ક.૦૦/૦૦ થી તા.૨૪/૧૧/૨૦૨૦નાં ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૨૨ /૯/૨૦૨૦નારોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(આર.બી.બ્રહમભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

**પ્રતિ,**

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ..

**જયભારતસહ નકલ રવાના** :–

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) અધિક પોલીસ કમિશ્નરશ્રી, 'ક્રાઈમ અને ટ્રાફીક', વડોદરા શહેર, વડોદરા.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૮) જેલ અધિક્ષકશ્રી, વડોદરા સેન્ટ્રલ જેલ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ મેજી.શ્રી, કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.શ્રી કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૭) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૨૦) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) નોડલ ઓફીસર શ્રી, તમામ લેન્ડલાઈન તથા મોબાઈલ સીમ પ્રોવાઈડર, ગુજરાત રાજય.
(૨૩) સંયુકત માહિતી નિયામકશ્રી, વડોદરા.

**૨/– સ્થાનિક વર્તમાનપત્રો તેમજ ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.**